## <u>પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી.</u>

નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત

સાફલ્યગાથા તા.૨૩/૦૯/૨૦૧૯ થી ૨૯/૦૯/૨૦૧૯

વિક દરમ્યાન કરેલ સારી કામગીરની માસમાં નવસારી પોલીસે કરેલ સારી કામગીરીસાફલ્યગાથા)ની વિગત.

| અ.નં. | સારી કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી | કરેલ સારી કામગીરીની વિગત | રીકવર કરેલ મુદામાલ |
|---|---|---|---|
| | નવસારી જીલ્લા એસ.ઓ.જી પોલીસ | નવસારી જીલ્લા એસ.ઓ.જી પોલીસ અનઅધિકૃત રીતે ચાલતી પ્રાઇવેટ સીકયુરીટી એજન્સીઓ વિરુધ્ધ કાર્યવાહી કરવા પેટ્રોલીંગ હતી, તે દરમ્યાન મળેલ બાતમી આધારે મોજે મરોલી મનીષ પેકેજીંગ પ્રાઇવેટ લીમીટેડ કંપની ખાતે વગર લાયસન્સે GISA સીકયુરીટી સર્વિસ ચલાવી કુલે ૧૦ ગાર્ડમેનોના બાયોડેટા અને ચારીત્ર્ય ઇતિહાસ વેરીફીકેશન નહી કરતા પ્રાઇવેટ સીકયુરીટી અધિનિયમ- ૨૦૦૫ની કલમ ૪ માં જણાવેલ નિયમોનુ ઉલઘન કરેલ હોય આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી, મરોલી પોલીસ સ્ટેશનને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપેલ. |  |
| | નવસારી જીલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો પોલીસ | નવસારી જીલ્લા એલ.સી.બી. અને પેરોલ ફર્લો પોલીસ દ્વારા નાસતા- ફરતા- વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા તથા મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા પેટ્રોલીંગ હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે વોન્ટેડ આરોપી વિપુલ અમ્રતલાલ પીઠડીયા રહે. ૧૦૬૦, મારુતીનગર વિજલપોર ને બીલીમોરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૩૪/૨૦૧૯ ના કામે પકડી પાડી બીલીમોરા પોલીસ સ્ટેશનને સોપવામાં આવેલ. |  |
| | નવસારી રુરલ પોલીસ સ્ટેશનના પોલીસ | નવસારી રુરલ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/કર્મચારીઓ પ્રોહીબીશનના ગુના શોધી કાઢવા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ બાતમી આધારે ટોલનાકા પર વોચમાં હતી તે દરમ્યાન (૧) શંકરસિંહ S/O તુલસાસિંહ પરતીસિંહ રાજપૂત ઉ.વ ૨૭ રહેવાસી- ગામ રિછેડ પોસ્ટ.ચારબુઝા તા.કુમલગઢ જી.રાજસમંદ (રાજસ્થાન) તથા કિલીનર (૨) હિરાસિંહ S/O કેશરસિંહ પરતાસિંહ રાજપૂત ઉ.વ ૩૦ રહેવાસી- ગામ રિછેડ પોસ્ટ.ચારબુઝા તા.કુમલગઢ જી.રાજસમંદ (રાજસ્થાન) નાઓ ટાટા ટેમ્પો નંબર- MH-48-AY-5426 કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- માં જુદા જુદા મેકરની ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી બીયરની નાની મોટી બોટલો નંગ-૧૧૩૮૮, કિ.રૂ.૧૭,૩૮,૮૦૦/- નો મુદામાલ ભરી ટેમ્પો તથા વિદેશી દારુની બોટલોની કિમંત મળી કુલે રૂપિયા ૨૭,૩૯,૩૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ. |   |
| | નવસારી જીલ્લા એસ.ઓ.જી પોલીસ | નવસારી જીલ્લા એસ.ઓ.જી પોલીસ ને.હા.નં. ૪૮ પર હોટલ ચેકીંગ દરમ્યાન મટવાડ ખાતે આવેલ પારસ હોટલના સંચાલક અહેસાનઅલી ગુલામહૈદર સુણસરા, રહે. હોટલ પારસ ને.હા.નં. ૪૮ ના વિરુધ્ધ મે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, નવસારીના જાહેરનામા આધારે હોટલમાં આવતા જતા મુસાફરોની નોંધ હોટલ રજીસ્ટર ઉપરાંત ગુજરાત પોલીસની PATHIk નામની વેબસાઇટ પર ઓનલાઇન નોંધ નહી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુજરાત પોલીસ એકટ ૧૩૫ મુજબ કાર્યવાહી કરી ગણદેવી પોલીસ સ્ટેશનને સોપવામાં આવેલ. |  |

| | | | |
|---|---|---|---|
| | **નવસારી જીલ્લા પોલીસ, શિક્ષણ વિભાગ, ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ** | **નવસારી જીલ્લા પોલીસ, શિક્ષણ વિભાગ, ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, સેવાભાવી સંસ્થાઓ, મીડીયાના પ્રતિનિધિઓ અને ટુ વ્હિલર, વિક્રેતાઓના સંયુકત ઉપક્રમે "ટ્રાફિક નિયમો" નું પાલન કરવા જાગૃતિ આવે તેવા હેતુથી તા.૨૩/૦૯/૨૦૧૯ ના સવારે ૯/૩૦ કલાકે નવસારી ટાઉન વિસ્તારમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૩૦૦ થી વધારે બાઈક સવારોએ જોડાઈ ટ્રાફીક નિયમોનું પાલન કરવા પ્રતિબધ્ધતા દર્શાવેલ** |  |

   

1. જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ.

- નવસારી જીલ્લા પોલીસ ધ્વારા વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધીના ગુમ થયેલ બાળકો/વ્યક્તિઓ શોધવા અંગે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરી સગા સબંધીનો સંપર્ક કરી શોધવાની કામગીરી કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોની ભારત સરકાર ધ્વારા શરુ કરવામાં આવેલ વેબસાઇટ http:/ trackthemissingchild.gov.in/ missing/ index.php ઉપર રોજે રોજ એન્ટ્રી કરવામાં આવે છે.
- પી.સી.આર. વાન ચીખલી, બીલીમોરા, નવાસરી ટાઉન વિસ્તાર, નવસારી રુરલ, જલાલપોર વિસ્તારમાં તાલીમ બધ્ધ ડ્રાયવરો તેમજ પોલીસ કર્મચારીઓ મુકી શરુ કરી ૧૦૦ નંબર પર કોલ કરવાથી હેલ્પ મળી રહે.
- ગુમ થયેલ બાળકો અંગે જીલ્લાની મહીલા સુરક્ષા સમિતીની મહીલાઓ તેમજ એન.જી.ઓ. ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર તેમજ જીલ્લાના તમામ અધિકારીઓ સાથે મીટીંગો કરવામાં આવે છે.

---

- ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.
- ટ્રાફીક સપ્તાહની ઉવજણી કરવામાં આવી રહેલ છે. ટ્રાફીક અવેરનસ અંગે શાળા કોલેજોમાં કાર્યક્રમો કરવામાં આવે
- ટ્રાફીક જનજાગૃતિ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી ટ્રાફીકના નિયમો સાથેની જાહેર જગ્યાઓ તેમજ શાળા કોલેજોમાં આર.ટી.ઓની મદદથી અવેરનશ કાર્યક્રમો રાખવામાં આવેલ.
- વારંવાર રોડ ઉપર ટ્રાફીક ડ્રાઇવ રાખી ટ્રાફીક અવરેનસ અંગેની સમજ આપવામાં આવે છે.

---

- ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે ?
- નેશનલ ૮ તેમજ અન્ય રસ્તાઓ ઉપર એકસીડન્ટ ઝોન નકકી કરી રોડ એકસીડન્ટ, ટ્રાફીક નિયમન, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારુ સાઇનબોર્ડ, લગાડવામા; આવેલ છે.
- દરેક પોલીસ સ્ટેશન ખાતે ગૃહ વિભાગ ધ્વારા કેમેરા ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.
- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવેલ છે.
- ક્રાઇમ ઇન્સ્વેસ્ટીંગ અંગે પોલીસના માણસોને સેમિનાર યોજી ગુનાઓ અટકાવવા તેમજ ઇન્સ્વેસ્ટીંગમાં અવેરનસ આવે તે સારુ સેમિનારો યોજમાં આવે છે. ક્ષમતા વિકાસનું દરેક પોલીસ સ્ટેશન લેવલે આયોજન કરવામાં આવે છે.

---

- અન્ય લોકહિતની બાબતો જે લોકોના તુરતજ ધ્યાન પર આવે તેવી બાબતો.
- સુરક્ષા સેતુ સોસાયટીના ભાગરુપે એસ.પી.સી. ના બાળકોને વિવિધ પ્રકારની તાલીમ કેમ્પ, સેમિનારનુ આયોજન કરવામાં આવે છે